# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ,

## પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

### બ્લોક નં.૧૨ પહેલો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (વર્ગ-૩) સીધી ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૧૪-૧૫

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ દ્વારા મળેલ માંગણીપત્રક મુજબ જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં **૨૪૬૭** જગ્યાઓ નીચે જણાવેલ વિગતે મેરીટના ધોરણે ભરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે નીચે ઉલ્લેખ કરેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજીઓ ઓન-લાઈન મંગાવવામાં આવે છે. ઉમેદવારે અરજી તા.૧૫/૧૨/૨૦૧૪ થી તા.૨૬/૧૨/૨૦૧૪ દરમ્યાન આ કચેરીની વેબ સાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર મુકવામાં આવેલ સુચના મુજબ ઓન-લાઈન કરવાની રહેશે.

| શિક્ષણ સમિતિ | મુખ્ય શિક્ષકની ભરવાપાત્ર જગ્યાઓ | બિન અનામત (OP) | અનુ. જાતિ (SC) | અનુ. જનજાતિ (ST) | સા.શૈ.પ. વર્ગ (SEBC) | કુલ ભરવાપાત્ર જગ્યાઓ પૈકી ૩% લેખે વિકલાંગ માટે અનામત (PH) |
|---|---|---|---|---|---|---|
| જિલ્લા શિક્ષણ સમિતિ | ૨૩૭૧ | ૧૨૪૩ | ૧૫૮ | ૪૪૩ | ૫૨૭ | ૭૧ |
| નગર શિક્ષણ સમિતિ | ૯૬ | ૪૧ | ૦૬ | ૩૪ | ૧૫ | ૦૩ |
| કુલ | ૨૪૬૭ | ૧૨૮૪ | ૧૬૪ | ૪૭૭ | ૫૪૨ | ૭૪ |

- જિલ્લા શિક્ષણ સમિતિ તથા નગર શિક્ષણ સમિતિની ભરવાપાત્ર જગ્યાઓની વિગત તથા શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ અને સામાન્ય સૂચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

HTB.14-15.Advt01@DPE.IT.PaM

**અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સૂચનાઓ:**

(૧) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) અંગેનું ઓન-લાઈન અરજી પત્રક વેબસાઈટ www.vidyasahayakgujarat.org તથા www.ptcgujarat.org ઉપર ઓન-લાઈન તા.૧૫/૧૨/૨૦૧૪ સવારના ૧૧:૦૦ કલાકથી ***તા.૨૬/૧૨/૨૦૧૪ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી*** ભરી શકાશે. ઓન-લાઈન અરજી ફોર્મ કોઈપણ કમ્પ્યૂટર કે જેની સાથે ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.

(૨) HTAT પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઈપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું HTAT Result દેખાશે. ત્યાર બાદ CONTINUE બટન પર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.

(૩) ઓન-લાઈન ભરેલું ફોર્મ કમ્પ્યૂટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓન-લાઈન ચકાસી લેવી. ભરેલા ફોર્મમાં કોઈપણ ફેરફાર કરવો હોય તો EDIT ની મદદથી ઓન-લાઈન સુધારા કરવા. અરજી ફોર્મની PRINT કાઢવા માટે Submit કર્યા પછી PRINT કાઢવી.

(૪) સ્વીકાર કેન્દ્રોની યાદી વેબસાઈટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે.

(૫) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) ઉમેદવારે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/સીંગલફાઈલ/૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ના (૨) ક,ખ,ગ,ઘ માં દર્શાવ્યા મુજબ અનુભવના તમામ પુરાવા જોડવાના રહેશે. તે મુજબના રજૂ કરેલ પુરાવા માન્ય રહેશે.

(૭) અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી. પસંદગી સમયે અરજી પત્રકની પ્રિન્ટ અને ફી ભર્યાની પહોંચ અચુક સાથે લાવવી.

(૮) મુખ્ય શિક્ષક તરીકે પસંદગી પામનાર તમામ ઉમેદવારોને રાજ્ય સરકાર દ્વારા નામદાર સુપ્રિમકોર્ટમાં દાખલ કરેલ એસ.એલ.પી.નં.૧૮૧૩૬/૨૦૧૩ના આખરી ચુકાદાને આધીન નિમણૂંક આપવામાં આવશે.

(૯) મુખ્ય શિક્ષક માટે અરજી કરનાર ઉમેદવાર દ્વારા શિક્ષણ વિભાગના તા.૨૦/૦૬/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ મુજબ HTAT પાસ કર્યા અંગેનું જે ગુણપત્રક રજૂ કરવામાં આવશે તેને જ ધ્યાને લેવામાં આવશે અને ઉમેદવારના પાંચ વર્ષનો અનુભવ HTAT પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખે પૂર્ણ થયેલ હોવો જોઈએ.

**(૧૦) અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર તા.૧૫/૧૨/૨૦૧૪ થી તા.૨૬/૧૨/૨૦૧૪ સુધી (રવિવાર અને જાહેર રજા સિવાય) રુબરુમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે.**

(૧૧) ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં, અને તે રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજી પત્રકો મોકલવા નહીં.

(૧૨) અરજી પત્રક ભરતાં પહેલા વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવાર માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

**<u>શૈક્ષણિક લાયકાત:</u>** મુખ્ય શિક્ષક(હેડ ટીચર) માટે શિક્ષણ વિભાગના તા.૧૮/૦૧/૨૦૧૨ તથા તા.૦૭/૦૮/૨૦૧૩ના નોટીફીકેશન મુજબ શૈક્ષણિક/તાલીમી લાયકાત નીચે મુજબ છે.

(ક) શૈક્ષણિક લાયકાતઃ સ્નાતક

(ખ) તાલીમી લાયકાત: પીટીસી(બે વર્ષ)/બી.એડ્.(એક વર્ષીય)
*<u>અથવા</u>* ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન(B.El.Ed.)
*<u>અથવા</u>* ચાર વર્ષીય બી.એ./બી.એસ.સી. એજ્યુકેશન
*<u>અથવા</u>* એક વર્ષીય બી.એડ્.(સ્પેશીયલ એજ્યુકેશન)

(ગ) ઓછામાં ઓછો પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ અલગ-અલગ અથવા સળંગ હોવો જોઈએ. અનુભવ બાબતે શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૧૧૧/સીંગલ ફાઈલ-૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઈ મુજબ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અને ₹ ૫૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(ઘ) પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક(હેડ ટીચર) માટે અભિયોગ્યતા કસોટી-HTAT-૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈએ.

ઉપર્યુક્ત (ક) અને (ખ) ની લાયકાત ધરાવતા ઉમેદવાર (૧) પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. (૨) ઉમેદવારે પી.ટી.સી. અને બી.એડ્.ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફૉર ટીચર એજ્યુકેશન(NCTE) દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે. અને સ્નાતક અને અનુ-સ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઈએ.

**<u>પગાર ધોરણઃ</u>** મુખ્ય શિક્ષક (હેડ ટીચર)ને પગાર ધોરણ ₹ ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ₹ ૪૨૦૦/- અથવા સરકાર દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણમાં નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે.

**<u>વયમર્યાદાઃ</u>** તા.૨૬/૧૨/૨૦૧૪ના રોજ ઉમેદવારની ઉંમર ૩૬ વર્ષ કરતાં વધુ હોવી જોઈએ નહીં.

**<u>વયમર્યાદામાં છુટછાટઃ</u>**

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જન જાતિ, સા.શૈ.પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહિવટ વિભાગના તા.૨૨/૫/૯૭ના ઠરાવની જોગવાઈ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૫(પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં ૧૦(દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬(છ) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩(ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- ગુજરાત સિવિલ સર્વીસ ક્લાસીફીકેશન એન્ડ રીક્રુટમેન્ટ(જનરલ) રુલ્સ-૧૯૬૭ મુજબ તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઈ પણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઈએ નહીં.
- સરકારી કર્મચારીઓના સંદર્ભે ગુજરાત સિવિલ સર્વીસ ક્લાસીફીકેશન એન્ડ રીક્રુટમેન્ટ(જનરલ) રુલ્સ-૧૯૬૭ ના નિયમ ૮(૫)ની જોગવાઈઓ મુજબ ઠરાવેલ ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં.

**<u>સામાન્ય સૂચનાઓઃ</u>**

(૧) અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરુરી તમામ વર્ષના અને ટ્રાયલના ગુણપત્રકો/પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ તથા અન્ય જરુરી પ્રમાણપત્રોની એક પ્રમાણિત નકલ સામેલ કરવાની રહેશે. વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રમાણિત નકલો અરજી સાથે રજુ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઈ કરવા માટે ફરજીયાતપણે રજુ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહીં. જે પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. અનુસ્નાતકના કિસ્સામાં ઉમેદવારોએ અનુસ્નાતકની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ કરવી. એક કરતાં વધુ સ્નાતક/અનુ સ્નાતકની લાયકાત ધરાવતા ઉમેદવારે અરજીપત્રકમાં પોતે ઈચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે અને તે લાયકાતના આધારે જ ગુણ ગણતરીમાં લેવામાં આવશે. પીટીસી/બી.એડ્.ની લાયકાત ધરાવતા ઉમેદવારે પોતે ઇચ્છે તે એક જ લાયકાત દર્શાવવાની રહેશે. અરજીપત્રમાં દર્શાવેલ લાયકાત જ માન્ય રહેશે તેમાં કોઈ ફેરફાર થઈ શકશે નહીં.

(૨) અરજી પત્રક સાથે અનુભવ માટે શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંકઃપીઆરઈ/૧૧૧૧/સીંગલ ફાઈલ-૩/ક, તા.૧૬/૦૫/૨૦૧૨ ની જોગવાઈ (૨) ક, ખ, ગ અને ઘ માં દર્શાવેલ સક્ષમ અધિકારીના સહી-સિક્કાવાળા પ્રમાણિત પુરાવા જ ધ્યાને લેવાશે.

(૩) પરીશિષ્ટમાં દર્શાવેલ અનુભવના તમામ પુરાવાઓ અરજી પત્રક સાથે રજૂ કરવાના રહેશે. ત્યારબાદ કોઈ પુરાવા સામેલ કરી શકાશે નહીં. અધુરી વિગતો ધરાવતા અરજી પત્રક અમાન્ય રહેશે.

(૪) શૈક્ષણિક લાયકાત, વય-મર્યાદા, અનુભવ તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૨૬/૧૨/૨૦૧૪ (CUT-OFF DATE) ધ્યાને લેવાશે. આ CUT-OFF DATE બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.

(૫) જે ઉમેદવારે સ્નાતક-પીટીસી/બી.એડ્.ની લાયકાત જે સંસ્થામાંથી મેળવેલી હોય તેમણે જે તે તમામ સંસ્થાના પરીક્ષા પાસ કર્યાના પ્રયત્ન અંગેના દાખલા અવશ્ય સામેલ કરવાના રહેશે.

(૬) અનુ.જાતિ, અનુ.જન જાતિ, સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ કરવી.

(૭) સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો “ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી” તે મતલબનું તા.૩૧/૩/૨૦૧૪ના રોજ પુરા થતાં નાણાંકીય વર્ષઃ ૨૦૧૩-૧૪નું તા.૧/૪/૨૦૧૪ કે તે પછી ઈસ્યુ થયેલ સક્ષમ અધિકારીનું

HTB.14-15.Advt01@DPE.IT.PaM

નિયત નમુનામાં મેળવેલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અરજી સાથે રજુ કરવાની રહેશે. પાછળથી રજુ કરેલ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૮) શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ તે અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. શારિરીક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઈએ.

(૯) માજી સૈનિક ઉમેદવારોએ માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૦) ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી./બી.એડ્.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઈ., ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર(માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજુ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

(૧૧) બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/-(અંકે રુપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જન જાતિ તથા સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/-(અંકે રુપિયા એકસો પુરા) રહેશે. જે ઉમેદવારે સ્વીકાર કેન્દ્ર ઉપર રોકડેથી ભરવાની રહેશે.

(૧૨) અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરુરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરુરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઈપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૧૩) શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/એસએચ/પીઆરઈ/૧૧૨૦૧૦/એસએફ/૨૨/કે, તા.૧૨/૦૨/૨૦૧૩ અન્વયે હલન-ચલનની ખામી ધરાવતા(OA, OL, OAL) અને અલ્પદ્રષ્ટિ (LV)ની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરુપ ગણેલ છે. ઓછી દ્રષ્ટિએ મોડરેટ કક્ષાની (એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકા કરતાં ઓછી) અશક્તતાવાળા ઉમેદવારો લાયક ગણાશે.

(૧૪) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઈટ જોતા રહેવું.

(૧૫) સમગ્ર ભરતી પ્રક્રિયા સંબંધી સુચના જરુર પડ્યે જે તે સમયે એસ.એમ.એસ.થી આપવામાં આવશે. આથી અરજી પત્રકમાં તમારો મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો અને તે નંબર ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરુરી છે.

(૧૬) ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઈ-મેઈલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરુર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય. ભરતી પ્રક્રિયા પુર્ણ થાય ત્યાં સુધી ઈ-મેઈલ જોતાં રહેવું.

(૧૭) ઉમેદવાર પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં.

(૧૮) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.

(૧૯) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપુર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી ફી પરત મળવાપાત્ર રહેશે નહીં.

(૨૦) મુખ્ય શિક્ષક(હેડ ટીચર) ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે.

(૨૧) શિક્ષણ વિભાગનાં તા.૧૮/૦૧/૨૦૧૨, તા.૨૬/૦૬/૨૦૧૩ અને તા.૦૭/૦૮/૨૦૧૩ જાહેરનામા તથા તા.૧૬/૦૫/૨૦૧૨ અને તા.૨૦/૦૬/૨૦૧૩ના ઠરાવો આ જ વેબસાઈટ ઉપર જોવા મળશે.

**આર.સી.રાવલ**
**અધ્યક્ષ,**
**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ**
**અને પ્રાથમિક શિક્ષણ નિયામક,**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**તા.૦૮/૧૨/૨૦૧૪**
**સ્થળઃ ગાંધીનગર**
**મુશિભ/જા.ક્ર.૦૧/૨૦૧૪.**

HTB.14-15.Advt01@DPE.IT.PaM

* * * * * *